ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0




રાજકીય ધમધમાટ - રાજ્યસભાની ૪ બેઠકોની ચૂંટણી સંદર્ભે ભારતીય જનતા પાર્ટી વિધાનસભા પક્ષની બેઠક શહેરના સેક્ટર-૧૨ ખાતે ઉમિયા હોલમાં યોજાઈ હતી... જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી સહિત કેન્દ્રીય નિરીક્ષકો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા... આ બેઠકમાં રાજ્યસભાના મતદાન અંગે વિધિવત સમજ અપાઈ હતી અને સૌને પક્ષના આદેશનું પાલન કરવા અનુરોધ કરાયો હતો...

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૦ કેસ

**કલોલમાં ૮, ગાંધીનગરમાં ૯, માણસામાં ૨ અને દહેગામમાં ૧ કેસ : ૧૪,૭૪૪ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ, આજે પણ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૨૦ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે. આ ઉપરાંત આજે પણ વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

આજે કલોલ શહેરમાં નોંધાયેલ એક ૬૫ વર્ષીય પુરૂષનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ સાથે જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૨૬ થઈ છે. જેમાં કલોલના ૧૩, ગાંધીનગરના ૭, દહેગામના ૫ અને માણસાના ૧ દર્દીને સમાવેશ થાય છે.

જિલ્લામાં વધતો જતો મૃત્યુ આંક તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે પણ જે દર્દીનું મૃત્યુ થયું છે તે હાઈ બી.પી.ની બિમારી ધરાવતો હતો. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોરોના ઉપરાંત અન્ય બિમારી ધરાવતા દર્દીઓના મૃત્યુ વધુ થયા છે.

આજે જિલ્લામાં જે ૨૦ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૯ કેસ, દહેગામનો ૧ કેસ, કલોલના ૮ કેસ તેમજ માણસાના ૨ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે માણસા નગરમાં એક વધુ એક નોંધાયો છે. આ દર્દી અમદાવાદ દાખલ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ચરાડા ગામેથી પણ એક ૧ કેસ મળી આવેલ છે.

દહેગામના બહિયલ ગામની એક ૩૫ વર્ષીય મહિલા જે કાનની એક નાનકડી સર્જરી માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હતી તેની સર્જરી પહેલાં કરવામાં આવેલ ટેસ્ટમાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

કલોલ તાલુકામાં આજે પણ વધુ ૮ કેસ નવા મળ્યા છે જેમાં ૭ કેસ કલોલ શહેરના અને એક ગ્રામ્ય વિસ્તારનો કેસ હોવાનું જાણવા મળેલ છે.

કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા કેસો એ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. કલોલ તાલુકામાં કોરોનાથી મૃત્યુ પણ વધુ થયા છે.

ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં આજે નવ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકાના વાવોલ, પેથાપુર, ભાટ, કુડાસણ, કોલવડા, રૂપાલ અને મોટા ચિલોડામાંથી કેસો મળી આવ્યા છે.

કુડાસણમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. કુડાસણ વિસ્તારમાંથી કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેણે પણ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. કુડાસણમાં વિકાસ પામેલ વિસ્તારમાં રહેતા લોકોમાંથી મોટા ભાગના લોકો અમદાવાદ સાથેના રોજીંદા વ્યવહારથી સંકળાયેલા છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણમાં આજે જે ૩૭ વર્ષીય પુરૂષનો કેસ મળ્યો છે તે અમદાવાદમાં નોકરી કરે છે. આ ઉપરાંત એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

પેથાપુરમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. પેથાપુરમાં સિદ્ધિવિનાયક સોસાયટીમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત એક ૪૬ વર્ષીય પુરૂષ જે સ્વપ્રવીલામાં રહે છે તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. જે ખાનગી સંસ્થામાં નોકરી કરતા હોવાનું જાણવા મળેલ છે.

ભાટ ગામેથી એક ૩૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગર શહેરમાં બે કેસ

**સે. ૪-બી નજીકના છાપરા અને સે. ૩૦ માંથી એક કેસ મળ્યો**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના બે કેસ મળ્યા છે. આ સાથે મનપામાં કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૧૬૯ થઈ છે. આજે મનપા વિસ્તારમાં સે. ૪-બી નજીક આવેલ છાપરામાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત સે. ૩૦ માંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

મનપા દ્વારા આજે મળેલ આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

સે. ૪-બી ની સામે આવેલ છાપરામાંથી આજે કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ આ વિસ્તારમાં આવેલ ૩૦૦ જેટલા છાપરાઓના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી અને સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. સે. ૩૦ માંથી પણ એક ૬૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ગાંધીનગર શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્ર વધુ સતર્ક બન્યુ છે. ૬૦ વર્ષથી વધુ આયુ ધરાવતા દર્દીઓની સંખ્યા પણ તંત્ર માટે ચિંતાનો વિષય બનેલ છે.

## સિવિલમાં મેડીસીન વિભાગના વડા ડૉ. શશી મુંદ્રા પણ સંક્રમિત થયા

**સિવિલના ૧૦ અને જિલ્લાના ૧૩ થી વધુ કર્મયોગીઓ સંક્રમિત થયા છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સારવાર કરતાં ૧૦ જેટલા તબીબો સંક્રમિત થયા છે જેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મેડીસીન વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ ડૉ. શશી મુંદ્રા પણ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટમલાં ૧૦ તબીબો સંક્રમિત થયા છે તો જિલ્લામાં ૧૩ થી વધુ આરોગ્ય કર્મીઓ સંક્રમિત થયા છે. આમ ગાંધીનગરમાં આરોગ્ય કર્મીઓમાં કોરોનાનું સંક્રમણ થતાં તંત્રમાં ચિંતા વધવા પામી છે.


## સ્નેહાંજલિ



**સ્વ. જ્યોતિન્દ્ર વ્યાસ**

**ભલે, કેલેન્ડરમાં વર્ષ પુરું થયું હોય**
**- પરંતુ**
**સ્મરણપટ પર બધું અકબંધ છે...**
**ભુલાતું નથી અને ભુસાતું પણ નથી**
**- આપનો**
**સમર્પિત ભાવ અને સહજ સ્વભાવ**
**હંમેશા પુરક અને પ્રેરક બની રહેશે...**
**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ**
**પ્રાર્થના પુષ્પ સમર્પિત કરીએ છીએ...**

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ પરિવાર**



# શહેરમાં અસહ્ય બફારો

**છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૩૩ થી ૩૭ ડીગ્રી વચ્ચે પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા અસહ્ય બફારો અનુભવતા નાગરિકો પરેશાન**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાતાવરણ પલ્ટા બાદ હાલ આકરા તાપમાં નગરજનો રાહત અનુભવી રહ્યા છે. મહત્તમ તાપમાન પણ છેલ્લા કેટલાક દિવસથી ૩૫ થી ૩૭ ડીગ્રીની આસપાસ રહે છે. વાદળિયા વાતારવરણના લીધે ગરમીનુ પ્રમાણ ઘટયુ છે. પરંતુ વધતા ભેજના લીધે નગરજનો અસહ્ય ઉકળાટથી બેચેની અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા બે મહીનાથી આકરી ગરમીના અંતે હવે સપ્તાહથી વાતાવરણમાં અનોખો પલ્ટો જાવા મળી રહ્યો છે. રોજબરોજ આકાશમાં વરસાદી વાદળો નિખરી રહ્યા છે. જયારે બે દિવસ અગાઉના તોફાની વરસાદના અંતે પણ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે નગરજનોને આકરા તાપમાંથી રાહત મળી છે. આકાશમાં વરસાદી વાદળોની અવરજવર વચ્ચે સુર્યના આડે વાદળોનો ઘેરાવ જોવા મળે છે. જેના લીધે નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. આકરા બફારાના લીધે પરસેવે ભીંજાતા નાગરિકો બેચેની અનુભવી રહ્યા છે. ગરમીનો પારો છેલ્લા એક સપ્તાહથી ૪૦ ડીગ્રીની નીચે આવી ગયો છે. જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રીની અંદર રહે છે. પરંતુ આમ છતા અસહ્ય બફારાથી નાગરિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. કોરોનાના કહેર વચ્ચે આકરો બફારો પણ નગરજનો માટે મુસીબતરૂપ બની રહ્યો છે. વરસાદી વાદળોની અવરજવર વચ્ચે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. શહેરમાં મહત્તમ તાપમાન આજે એક ડીગ્રીના વધારા સાથે ૩૬ ડીગ્રીએ પહોચ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રી રહ્યુ હતુ ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન વધ્યુ હતુ જયારે ભેજનુ પ્રમાણ પણ ૫૨ થી ૭૯ ટકા રહેતા વાતાવરણમાં ઉકળાટ અસહ્ય બન્યો હતો.



જેઠ મહિને જાંબુ - આજકાલ શહેરમાં જાંબુ ઢગલાબંધ જોવા મળે છે... મોસમની મજા ફળોમાં પ્રતિબિંબિત થાય છે... આરોગ્યવર્ધક છતાં સૌને પોષાય એવું આ નાનકડું ફળ ભારે આકર્ષણનું કેન્દ્ર હોય છે... ખૂબ જ અલ્પ સમય માટે બજારમાં રહેતું જાંબુ હૃદયની બિમારી અને લોહીની શુદ્ધિ માટે ઉપકારક નિવડે છે... નાના બાળકોને અતિપ્રિય એવું આ જાંબુનું ફળ ખાધા પછી જીભ પર બદલાયેલ જાંબુડી કલરથી બાળકો ખૂશ થતા હોય છે...

# સ્ટોર્મ વોટર લાઈનના પ્રોજેકટે માર્ગો અને ફુટપાથનો કચ્ચરઘાણ વાળ્યો

**સેકટરોમાં આડેધડ ખોદકામ બાદ આમ નાગરિકોને પડતી દુવિધાઓની પરવા કર્યા વિના કોર્પોરેશન બધુ તોડવાના મુડમાં : પાણીની લાઇનના ઢાંકણો પણ ઉડાવી દેવાયા : માર્ગ મકાન વિભાગ અને નાગરિકો ત્રસ્ત**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરમાં કોર્પોરેશને સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી અન્વયે આડેધડ ખોદકામ કરીને સેકટરવાસીઓ મોટે નવા પ્રશ્નો ઉભા થયા છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમાં નજર નાંખો ત્યાં ગાબડા જોવા મળી રહ્યા છે. સ્ટોર્મ વોટર લાઈનના પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી માત્ર સાત જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન હતી. જયારે હવે આ કામગીરીના અંતે તમામ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા રહેશે નહીં પરંતુ સ્ટોર્મ વોટર લાઈનનો પ્રોજેકટ સંપુર્ણ પુરો થશે ત્યારબાદ ફુટપાથ રસ્તાઓ અને આનુસાંગિક લાઈનના કામો પણ નવેસરથી શરૂ કરવા પડશે તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. કોર્પોરેશનના ઈજનેરો

● અનુસંધાન પાન-૫ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com